# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-06-2025 Day: Saturday Morning : 6.25 to 6.30 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## આંતરાષ્ટ્રીય યોગ દિવસ-૦૧-રાષ્ટ્રીય:

આજે સમગ્ર વિશ્વમાં ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવશે. સંસ્કૃતિ મંત્રાલય દેશભરના ૧૦૦ મુખ્ય પર્યટન સ્થળો અને ૫૦ અન્ય સાંસ્કૃતિક સ્થળોએ યોગ સત્રોનું આયોજન કરી રહ્યું છે. આ સત્રો આયુષ મંત્રાલય દ્વારા આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે આયોજિત મુખ્ય યોગ કાર્યક્રમ ઉપરાંત હશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે આજે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ અત્યાર સુધીના સૌથી મોટા ખુલ્લા યોગ કાર્યક્રમોમાંનો એક હશે.

-----------------------------------------------------------------------------------------------

## આંતરાષ્ટ્રીય યોગ દિવસ-૦૨-રાજ્ય:

આજે 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી વડનગરમાં કરવામાં આવશે. વડનગરના 11 સ્થળો પર કુલ 11 હજાર લોકો યોગમાં જોડાશે. મુખ્ય કાર્યક્રમ શર્મિષ્ઠા તળાવ ખાતે યોજાશે, જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અમદાવાદ ખાતે પ્રહલાદ નગર ગાર્ડન ખાતે યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. રાજકોટમાં કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયાની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાની ઉજવણી થશે. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયા વિધાનસભા સામે સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોગ

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જ્યારે તમામ મંત્રીઓ અલગ અલગ જિલ્લામાં યોગના કાર્યકમમાં ઉપસ્થિત રહેશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂતે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં 311 જેટલી જગ્યાએ યોગના કાર્યક્રમ યોજાશે જેમાં 10 હજાર જેટલા લોકો ભાગ લેશે.

સ્વથ્ય ગુજરાત મેદસ્વીતા મુક્ત ગુજરાત વિષય વસ્તુ સાથે યોજાનાર યોગ દિવસની ઉજવણીનો વિશ્વ વિક્રમ સર્જવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------

## આંતરાષ્ટ્રીય યોગ દિવસ-03-કચ્છ:

૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી કચ્છમાં જીલ્લા મથકભુજના સ્મૃતિવન ખાતે જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને થશે.

નખત્રાણામાં ટી.ડી.વેલાણી હાઈસ્કૂલ, માંડવીમાં ચુનીલાલ વેલજી ઉદ્યાન, અંજારમાં આહિર બોર્ડિંગ ગ્રાઉન્ડ, અબડાસામાં ખરવાડા ગ્રાઉન્ડ છાડુરા, લખપતમાં પી.એમ.લીંબાણી સ્કૂલ દયાપર, ગાંધીધામમાં રમત-ગમત સંકુલ, મુન્દ્રામાં અદાણી પબ્લિક સ્કૂલ, ભચાઉમાં પટેલ બોર્ડિંગ અને રાપરમાં સ્વામીનારાયણ ગુરૂકુલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે.

રાજ્ય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે 'યોગા ફોર વન અર્થ, વન હેલ્થ' અને 'સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત' થીમને ધ્યાન રાખીને યોગના શારીરિક, માનસિક અને સામાજિક ફાયદાઓ અવગત કરાવતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જેમાં મહાનુભાવોના ઉદ્બોધન સાથે યોગ શિક્ષક દ્વારા કોમન યોગ પ્રોટોકોલ અભ્યાસ કરાવાશે.

---------------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીયગૃહમંત્રી-નાફેડ:

કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કૃષિ સહકારી માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (નાફેડ) ટૂંક સમયમાં ખેડૂતો પાસેથી સીધી ખરીદી શરૂ કરશે,

જે કૃષિ ઉત્પાદન પ્રક્રિયામાં વચેટિયાઓની ભૂમિકાને દૂર કરશે. તેઓ ગઈકાલે મુંબઈમાં આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે રાષ્ટ્રીય સેમિનારને સંબોધિત કરી રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય-ગ્રામપંચાયત ચુંટણી:

આવતીકાલે રવિવાર તારીખ 22ના રાજયના 33 જીલ્લામાં 8326 ગ્રામપંચાયતોની ચુંટણી યોજાશે. આમાંથી 4688 પંચાયત માટે નિયમિત ચુંટણી ને 3638 ગ્રામપંચાયતોમાં પેટાચુંટણી યોજાશે. રાજયના 1 કરોડ 30 લાખથી વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. સવારે 7 વાગ્યે મતદાન શરૂ થશે અને સાંજે 6 વાગ્યે મતદાન પુરૂ થશે. મતગણતરી તારીખ 25મી જુને થશે.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય-અમદાવાદ વિમાન દુર્ઘટના:

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ગઈકાલે સુધી 231 મૃતકના ડીએનએ નમુના મેચ થયા છે. જેમાંથી 210 પરિવારને તેમના સ્વજનના પાર્થિવ દેહ સોંપવામાં આવ્યા છે. દરમ્યાન ગઈ કાલે ગાંધીનગરમાં પ્રદેશ ભાજપ કાર્યલય કમલમ ખાતે પુર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીની શ્રધ્ધાંજલિ સભા યોજાઈ હતી. જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા, કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટિલ,મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના ભાજપના અગ્રણી નેતાઓ હાજર રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય-હવામાન:

રાજ્યમાં ચાર દિવસ ભારેથી અતિભારે વરસાદ બાદ ગઈકાલે મર્યાદિત તાલુકાઓમાં નહીંવત વરસાદ પડ્યો હતો.**રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 14 ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સરદાર સરોવર બંધ તેની કુલ સંગ્રહક્ષમતાનો 51 ટકા ભરાઈ ચૂક્યો છે.**

હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી બે દિવસ રાજ્યમાં વરસાદનું જોર ઘટશે. બે દિવસ બાદ દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ થવાની શક્યતા છે.

---

## ક્રિકેટ-ભારત-ઈંગ્લેન્ડ:

ઈંગ્લેન્ડના લીડઝ ખાતે પ્રવાસી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની  પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ગઈકાલે રમતના અંતે  ભારતે 3 વિકેટ ગુમાવીને  359 રન કર્યા હતા.ભારતના કપ્તાન શુભમન ગિલ અને  ઓપનીંગ બેસ્ટમેન યશસ્વી જયસ્વાલે  સદી ફટકારી હતી.

---